**ક્રિમી.પર.અ.નં.૨૭૫/૨૦૨૬.**

**ઓલપાડ પો.સ્ટે.ગુ.ર.નંબર પાર્ટ બી–૧૧૨૧૪૦–૪૨૨૬–૦૯૧૪/૨૦૨૬ ના કામે અરજદાર નિમેષ છગનલાલ પટેલ, રહે. ૯૧, અલ્પેશનગર, મંગલ તીર્થ એપાર્ટમેન્ટ પાસે, પાલ રોડ, ભાથા, સુરતનાઓની મુદ્ધામાલ પરત મેળવવાની અરજી લગત હુકમ.**

---

**–:: આંક–૧ લગત હુકમ ::–**

સદર અરજી **નિમેષ છગનલાલ પટેલ, રહે. ૯૧, અલ્પેશનગર, મંગલ તીર્થ એપાર્ટમેન્ટ પાસે, પાલ રોડ, ભાથા, સુરત**ઓનો મુદ્ધામાલ વાહન **HYUNDAI MOTOR INDIA LTD I20 SPORTZ VTVT** જેનો રજીસ્ટ્રેશન નં. **GJ-05-RC-2606** છે તથા ચેસીસ નં. **MALBM51BLHM455188** છે તથા એન્જીન નં. **G4LAHM624616** છે તે મુદ્ધામાલ **ઓલપાડ પો.સ્ટે.ગુ.ર.નંબર પાર્ટ બી–૧૧૨૧૪૦–૪૨૨૬–૦૯૧૪/૨૦૨૬** ના કામે **જુગારધારા કલમ–૧૨** મુજબના ગુનાના કામે પોલીસે કબજે લીધેલ છે, તે કેસના આખરી નિર્ણય સુધી વચગાળાની કસ્ટડીમા મેળવવા બી.એન.એસ.એસ. ની કલમ–૪૯૭ અન્વયે કરેલી છે.

સદર અરજી લગત ઓલપાડ પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેકટરશ્રીનો અભિપ્રાય, મુદ્ધામાલ પાવતી સાથે મંગાવતા ત.ક. અમલદારશ્રીએ તેમનો અભિપ્રાય અરજદારને સદર મુદ્ધામાલ પરત નહી સોંપવાનો અભિપ્રાય આપેલ છે.

અરજદારના વિ.વકીલશ્રી ડી.કે.પટેલ તથા ફરીયાદ પક્ષે વિ.એ.પી.પી.શ્રીને સાંભળ્યા.

અરજદારના વિ.વકીલશ્રીએ રજુઆત કરતા જણાવેલ છે કે, સદર મુદ્ધામાલ આરોપી નામે નિખિલ નરેન્દ્રભાઈ પટેલને સામાજીક કામ અર્થે આપેલ તેઓ પાસેથી ઓલપાડ પોલીસે ખોટી રીતના અટક કરી મુદ્ધામાલ વાહન કબજે કરેલ છે. સદર મુદ્ધામાલ વાહન અરજદાર રોજીંદા વ્યવહારમા ઉપયોગ કરે છે. સદર મુદ્ધામાલ વાહન હાલ ઓલપાડ પોલીસ સ્ટેશનમાં પડી રહેલ છે તેના સ્પેર પાર્ટસને નુકશાન થાય તેમ છે, સદર મુદ્ધામાલના ટાયર/ટયુબને પણ નુકશાન થાય તેમ છે. જેથી અરજદારને યોગ્ય રકમના

બોન્ડ ઉપર મુદ્દામાલ પરત કરવામા આવે તો કેસની ટ્રાયલ દરમ્યાન જયારે જરૂરત પડે ત્યારે તેઓ રજુ કરશે.

સદર મુદ્દામાલ જે આરોપી પાસેથી પકડાયેલ છે તે આરોપીએ એન.ઓ.સી. આપી જાહેર કરેલ છે કે, સદર મુદ્દામાલ અરજદારની સ્વતંત્ર માલીકી અને કબજા ભોગવટાનો હોય સદર મુદ્દામાલ અરજદારને પરત કરવામાં આવે તો આરોપીને કોઈ વાંધો નથી. સદર મુદ્દામાલ બાબતે ભવિષ્યમા કોઈ દર દાવો કે કલેઈમ કરીશે નહી તેવુ જાહેર કરેલ છે.

અરજદાર તરફે તેઓનો મુદ્દામાલ હોવા સંબંધે રજુ કરેલ દસ્તાવેજોમાં એફ.આઈ.આર.ની કોપી, આર.સી.બુકની ઝેરોક્ષ કોપી, અરજદારના આધાર કાર્ડની ઝેરોક્ષ, આરોપીનું એસ.ઓ.સી. રજુ કરેલ છે તે તમામની હકીકતો ધ્યાનમાં લેતા અરજદાર મુદ્દામાલ વાહન **HYUNDAI MOTOR INDIA LTD I20 SPORTZ VTVT** ના માલીક હોવાનું જણાય આવે છે. સદર મુદ્દામાલ વાહન **HYUNDAI MOTOR INDIA LTD I20 SPORTZ VTVT** રોજબરોજ ઉપયોગમાં લેવાનું યાંત્રિક સાધન છે અને જો તે બિનઉપયોગી હાલતમાં પોલીસ સ્ટેશનમાં પડી રહેશે તો તેના સ્પેર, પાર્ટસ, સર્કિટ, ટાયર, ટયુબ વિગેરેને નુકશાન થાય તેમ છે જે ધ્યાને લેતા તેમજ નામદાર ઉચ્ચ અદાલતનો ચુકાદો એ.આઈ.આર. ૨૦૦૩, સુ.કો.પાના નં.૬૩૫, સુંદરભાઈ અંબાલાલ દેસાઈ વિરૂધ્ધ સ્ટેટ ઓફ ગુજરાતના ચુકાદાના સિધ્ધાંતોને પણ ધ્યાનમાં રાખતા મુદ્દામાલ પરત સોંપવામાં આવે તો ન્યાયનો હેતુ જળવાય તેમ છે તે તમામ સંજોગોમાં મુદ્દામાલ વાહન **HYUNDAI MOTOR INDIA LTD I20 SPORTZ VTVT** યોગ્ય રકમના બોન્ડ પોલીસ સ્ટેશને રજુ કર્યેથી તથા શરતોને આધિન અરજદારને કેસના આખરી નિર્ણય સુધી વચગાળાની કસ્ટડીમાં સુપ્રત કરવુ ન્યાયી જણાતુ હોઈ નીચે પ્રમાણે હુકમ કરવામાં આવે છે.

<u>**–:: હુકમ ::–**</u>

અરજદારની અરજી બી.એન.એસ.એસ.ની કલમ–૪૯૭ અન્વયે મંજુર કરી મુદ્દામાલ વાહન **HYUNDAI MOTOR INDIA LTD I20 SPORTZ VTVT** જેનો રજીસ્ટ્રેશન નં. **GJ-05-RC-2606** છે તથા ચેસીસ નં. **MALBM51BLHM455188** છે તથા એન્જીન નં. **G4LAHM624616** છે તે

મુદ્દામાલ અરજદારને મુદ્દામાલ પાવતીમાં જણાવેલ કિંમતથી દોઢી રકમના જામીન તથા તેટલી જ રકમના બોન્ડ પોલીસ સ્ટેશનમાં રજુ કર્યેથી વચગાળાની કસ્ટડી તરીકે **અરજદાર નિમેષ છગનલાલ પટેલ, રહે. ૯૧, અલ્પેશનગર, મંગલ તીર્થ એપાર્ટમેન્ટ પાસે, પાલ રોડ, ભાથા, સુરત**નાઓને નીચેની શરતોએ સુપ્રત કરવા હુકમ કરવામાં આવે છે.

**//શરતો//**

૧) અરજદારે મુદ્દામાલ કેસના આખરી નિર્ણય સુધી કોઈને ગિરો, બક્ષિસ કે વેચાણથી તબદીલ કરવુ, કરાવવુ નહિ.

૨) અરજદારે મુદ્દામાલના મુળ સ્વરૂપમાં કોઈ ફેરફાર કરવો નહિ.

૩) અરજદારે મુદ્દામાલ જયારે કોર્ટ ફરમાવે ત્યારે રજુ કરવુ.

૪) અરજદારે મુદ્દામાલનો કોઈ ગુનાના કામે ઉપયોગ કરવો-કરાવવો નહી.

૫) તપાસ કરનાર અમલદારે ફોટા પાડી તપાસના કામે ચાર્જશીટ સાથે રજુ કરવા.

હુકમ આજરોજ તા.૬ ઠ્ઠી, માહે-જૂન, સને-૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૦૬/૦૬/૨૦૨૬
ઓલપાડ.

(શ્રીમતી નયનાબેન દિવાકર શર્મા)
પ્રિન્સી.સીની.સિવિલ જજ અને
એડી.ચીફ જયુડી.મેજી.ઓલપાડ.
Code No. GJ00555